ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૧ ટકા

# શહેરમાં વન આરક્ષિત જગ્યા ડમ્પીંગ સાઈટ બનતી જાય છે

## વસાહતીઓ ફેન્સીંગ કરેલી જગ્યામાં અવારનવાર કચરો નાંખે છે તો રીનોવેશન કે માર્ગ રીપેરીંગનો કચરો પણ અહીં જ નંખાય છે

ગાંધીનગર, તા.૧૯

સેકટરોની આસપાસ વનવિભાગની આરક્ષિત જગ્યા વસાહતીઓએ જાણે ડમ્પીંગ સાઈટ બનાવી દીધી છે. કેટલાક સેકટરોમાં તો અહીં કચરો ખદબદે છે. આ ઉપરાંત રીનોવશન કરતા કોન્ટ્રાકટરો અને રસ્તો રીપેર કરતા શ્રમિકો પણ અહીં જ કચરો નાંખે છે.

ગાંધીનગરમાં ઘરેઘરેથી કચરો ઉપાડવાની વ્યવસ્થા હોવા છતાં કેટલાક વસાહતીઓને ઘરની બહાર જ કચરો નાંખી દેવાની ટેવ છે. ઘરને ભલે ચોખ્ખું ચણાક રાખે પરંતુ આસપાસના વિસ્તારમાં ગંદકી કરતા કે કચરો નાંખતા તે જરાય અચકાતા નથી. દરેક સેકટરોની ફરતે વનવિભાગે ફેન્સીંગ કરી વિવિધ પ્રકારના છોડનો ઉછેર કર્યો છે. દર ચોમાસે અહીં વિવિધ છોડવાઓનો ઉછેર કરવામાં આવે છે. પરંતુ કાળજીના અભાવે કેટલાક સેકટરોની આસપાસની ફેન્સીંગ તુટી ગઈ છે. વિનવિભાગની આ આરક્ષીત જગ્યામાં કયાંક કયાંક ઝૂંપડાઓ થઈ ગયા છે તો કેટલાંક સ્થળોએ ડમ્પીંગ સાઈટ બની ગઈ છે. આસપાસ રહેતા વસાહતીઓ અહીં કચરો અને એંઠવાડ નાંખે છે. ઘણા સેકટરમાં સરકારી મકાનોમાં રીનોવેશનનું મોટા પાયે કામ ચાલી રહ્યું છે. જેનો કચરો, તુટેલી ટાઈલ્સો અને સિમેન્ટના પોપડાનો કચરો પણ અહીં જ ઠલવાય છે. કોન્ટ્રાકટરો ખર્ચો બચાવવા નજીકમાં જ વનવિભાગની જગ્યામાં કચરો નંખાવી જતા રહે છે.

રોડ-રસ્તાના કામો ચાલે છે ત્યારે પણ કપચી, ડામર અને ઈંટોનો કચરો અહીં જ ઠલવાય છે. દિવસો સુધી આ કચરો અહીં પડયો રહે છે જેના કારણે વરસાદમાં તેની આસપાસ ખૂબ ઝાડી ઝાંખરા ઉગી નીકળે છે. એંઠવાડ પણ વરસાદમાં ખૂબ ગંધાય છે. કૂતરા અને ઉંદરોનો ત્રાસ તેના કારણે વધે છે. વનવિભાગની આરક્ષિત જગ્યાને ચોખ્ખી બનાવવા વસાહતીઓ માંગ કરી રહ્યા છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન અહીં સાફસફાઈ થવી ખૂબ જરૂરી છે.



ગૌરી વ્રત કરી રહેલી કુમારિકાઓને આનંદિત કરવી તે અતિ પુણ્યનું કાર્ય ગણાય છે. ગાંધીનગર મનપાના વોર્ડ નં.૭માં સમાવિષ્ટ વાવોલ ખાતે ગૌરીવ્રત નિમિત્તે નાની દિકરીઓને પ્રોત્સાહિત કરવા ભાજપના મહિલા મોરચાના દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડ નં.૭ના ઉમેદવાર પ્રેમલસિંહ ગોલ દ્વારા વ્રત કરી રહેલી દિકરીઓનું પૂજન કરી, દિકરીઓને વ્રત નિમિત્તે સુકામેવા સહિતનું ખાવુ વિતરણ કરવામાં આવ્યું હતું જે પ્રસંગે અન્ય ઉમેદવારો, હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

## અંબાપુર ગામે જુગાર રમતા ૯ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર અંબાપુર ગામની સીમમાં આવેલા ઓએનજીસી વેલની બાજુમાં ઝાડ નીચે બેસી જુગાર રમતા ૯ જુગારીઓને એલસીબી-૧ પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી રોકડા રૂ. ૧૪,૨૦૦ અને ૭ નંગ મોબાઈલ કિં. રૂ. ૩૨,૦૦૦ મળી કુલ રૂ. ૪૬,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથક વિસ્તારના અંબાપુર ગામની સીમમાં આવેલા ઓએનજીસી વેલ પાસે ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા જુગારીઓની બાતમી એલસીબી-૧ ટીમને મળી હતી. જેથી તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ પોલીસે કોર્ડન કરી રેઈડ પાડતા જુગારીઓ ભાગવા જતા હતા. પરંતુ પોલીસે તમામ જુગારીઓને પકડી પાડયા છે. પોલીસે પકડેલા જુગારીઓમાં રાજુભાઈ કેશવલાલ પટેલ, સુનિલ વિક્રમજી ઠાકોર, દિનેશ સુરસંગજી ઠાકોર, રાકેશ અમરાજી ઠાકોર (તમામ રહે. અંબાપુર), કુંજલ ગોવિંદભાઈ પટેલ (એ-૧૦૪ પાંડવવાળી મહાવીર હિલ્સ વિભાગ-૧ કોબા)આંબાવાડી સંમતનગર ખાતે રહેતા દિપક ચંદ્રકુમાર દત્તવાણી, ઈન્દિરાબ્રિજ રાજભવન કવાટર્સ ૧૮૩૪/એ ખાતે રહેતા ગોપાલ નરસિંહભાઈ ઘીવાલા, સરદારનગર આંબાવાડી ૬૯૪/૪ ખાતે રહેતો જેકી દ્વારકાદાસ લાલવાણી અને સમરતનગર ઈન્દિરાબ્રિજ ખાતે રહેતા કૈલાશ ભાગચંદભાઈ મોટવાણીનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી અને જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડ રૂ. ૧૪,૨૦૦ અને ૭ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૪૬,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી તમામ નવ જુગારી સામે જુગારધારા અને એપેડેમીક એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જો સરકાર પરવાનગી આપશે તો સે-૨૨ ગણેશોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

## શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિની વાર્ષિક સામાન્ય સભા યોજાઇ : આ વર્ષે પરમો ગણેશ મહોત્સવ ઉજવાશે



ગાંધીનગર, તા. ૧૯

છેલ્લાં દોઢેક વર્ષથી દેશમાં ચાલી રહેલા કપરા કોરોના કાળમાં ઉત્સવો અને પર્વોની ઉજવણી ક્યાં તો મુલત્વી રાખવી પડી છે, ક્યાં તો ઔપચારિક ઉજવણી કરવી પડી છે. આ સ્થિતિમાં ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતે ૫૧ વર્ષથી યોજાતા સાવર્જનિક ગણેશ મહોત્સવનું આયોજન કેવી રીતે કરવું તે અંગે આયોજક સમિતિની બેઠક યોજાઇ હતી જેમાં કોવિડ-૧૯ની ગાઇડલાઇન અનુસાર ગણેશ સ્થાપન કરવા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો અંગે સરકારની પરવાનગી અનુસાર આયોજન કરવું તેવો સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો.

ગાંધીનગરને એક આગવી ઓળખ અપાવનાર ૫૧ વર્ષથી સે.૨૨માં સતત ઉજવાતા લોકપ્રિય ગણેશોત્સવની ઉજવણી માટે શ્રી સાર્વજનીક ગણેશ મહોત્સવ સમિતિના સર્વ કારોબારી સભ્યો અને ભાવિક ભક્તોની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭મી જુલાઇ શનિવારના રોજ સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે યોજાઇ હતી. સમિતિના અધ્યક્ષ નિશીત વ્યાસે પ્રારંભિક પ્રવચનમાં ગાંધીનગર શહેર અને ભાવિક, ધર્મપ્રેમી જનતા પર ગણપતિ દાદાની કૃપાદૃષ્ટિ રહે અને સર્વના કલ્યાણ હેતુ આરોગ્ય, ઐશ્વર્ય, સુખાકારીની અભ્યર્થના સાથે પ્રાર્થના કરવા માટે અપીલ કરી હિસાબો રજુ કર્યા હતા જે સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યાં હતા. આ વખતે પણ ગયા વર્ષની જેમ સેક્ટર-૨૨ના રંગમંચ પર પરંપરાગત રીતે ભગવાન શ્રી ગણેશજીનું સંપુર્ણ શાસ્ત્રોક્ત વિધી પૂર્વક સ્થાપન કરવા તેમજ સરકારની ગાઈડલાઈ મુજબ કાર્યક્રમ યોજવા માટે જરુરી સરકારી પરવાનગી નિયમાનુસાર લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અરુણભાઇ બુચે આશિર્વચન આપ્યા હતા તેમજ ગાંધીનગર જીલ્લા મહાનગર પાલીકાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ડૉ. ચેતના બુચ, મનોજ શુક્લ, મનોજ લેકિનવાલા વગેરેએ નિશીત વ્યાસની રજૂઆતને અનુમોદન આપવા સાથે તેમના વિચાર રજુ કર્યા હતા.

સામાન્ય સભામાં કોવિડની ગાઇડ લાઇનના પાલન સાથે ગાંધીનગરના અગ્રણી નાગરિકો હાજર રહ્યાં હતા જેમાં ચીમન વિંઝુડા, રાજેન્દ્ર ચાવડા, રાજુભાઇ પ્રજાપતિ, લીલાબેન ઠાકોર, વૈભવ જાની, મિતુલ જોષી, અરુણ પરીખ, શ્રીમાળી, અશ્વિન ટાપરિયા, માનાજી મારવાડી, હનીફ શેખ અને ભવ્યાબેન વગેરેએ પણ કોરોનાના કપરા કાળમાં આ પારંપરિક લોકોત્સવની ઉજવણી અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. મિટીંગની પૂર્ણાહિતીમાં કોવીડ-૧૯ના પ્રથમ અને દ્વિતિય વેવ દરમ્યાન દુ:ખદ નિધન થયેલ દિવંગત દિવ્યાત્માઓના આત્મા શાંતિ માટે અને તેમના પરિવારજનોને તેમના પર આવી પડેલી વિકટ પળનો સામનો ધીરજ પૂર્વક હિંમતથી કરવાની શક્તિ પરમકૃપાળુ પરમાત્મા આપે તેના માટે પ્રાર્થના કરવામાં આવી હતી.



## મહાનગર ભાજપાના મહિલા મોરચા દ્વારા ગૌરીવ્રત નિમિત્તે દીકરીઓને જવારાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા ગૌરીવ્રત કરતી દીકરીઓને જવારાનુ વિતરણ કરવામાં આવ્યું હતું. ભૈરવનાથ પાર્ટી પ્લોટ ખાતે કરાયેલા જવારા વિતરણમાં મહાનગર ભાજપાના મહામંત્રી અને મહિલા મોરચાના પ્રભારી ગૌરાંગ પટેલ, મહિલા મોરચાના પ્રમુખ કુ.પ્રિયા પટેલ, મહામંત્રી વર્ષાબેન શુક્લ, હર્ષાબા ધાંધલ તેમજ શહેર મહિલા મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મહાનગરના વિવિધ વોર્ડમાં ભાજપાની મહિલા ઉમેદવારો અને મહિલા મોરચાની કાર્યકર્તા બહેનોએ પણ દીકરીઓને જવારાનું વિતરણ કર્યુ હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા બાળકો માટે ઓનલાઈન ચાંદલાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ રંગબેરંગી ચાંદલા વડે અલગ-અલગ પ્રાણીઓ, પક્ષીઓ તેમજ વિવિધ પ્રકારના સુંદર ચિત્રો દોરી ચાંદલા વડે ખુબ જ સુંદર રંગ કામ કર્યુ હતું.

# સે-૩૦માં કોરોના દિવગંતોને ‘આપ’ની શ્રદ્ધાંજલી



ગાંધીનગર, તા. ૧૯

કોરોના મહામારીની બીજી લહેર ગાંધીનગરમાં અત્યંત ઘાતક રહી હતી જેમાં અનેક જીંદગીઓનો અકાળે અસ્ત થઇ જતાં તેમના પરિવારમાં શોકની ઘેરી એવી કાલિમા પ્રસરવા પામી છે કે હજુ પણ કોરોના દિવગંતોના પરિવારજનો આઘાતમાંથી બહાર નથી આવી શક્યાં. આ બાબતને અનુલક્ષીને ગાંધીનગરના સે.૩૦માં સર્વોદયનગર ખાતે કોરોના કાળ દરમિયાન અવસાન પામેલા મૃતકોના પરિવારજનો સાથે મળીને આમ આદમી પાર્ટી દ્વારા એક સામૂહિક શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંતર્ગત સ્થાનિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દિવંગતોને પુષ્પાંજલિ અર્પણ કરવા સાથે શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે ‘આપ’ની ટીમ દ્વારા સ્થાનિકોને પડતી મુશ્કેલીઓ તેમજ સરકારી કામકાજમાં પડતી અગવડતાઓ આ બાબતે પણ વિસ્તૃત ચર્ચા કરી તેમનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો તેમજ તેના સમાધાન માટે ચર્ચા પણ કરવામાં આવી હતી.



## સ્પંચ એક્ટિવિટી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્પંચ એક્ટિવિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ઓનલાઈન ક્લાસમાં અલગ અલગ કલરથી સ્પંચ વડે વિવિધ વસ્તુઓ શીખવી હતી. જેમાં છત્રી, ફૂલ, ઝાડ, સૂર્ય,પતગિયું જેવી વસ્તુ દોરી હતી, અને સ્પંચની મદદથી તેની ઉપર કલર કર્યો હતો. વાલીઓએ પણ ખૂબ જ સાથ સહકાર આપીને આ સ્પંચ એક્ટિવિટીને સફળ બનાવી હતી.

# મહાનગર ભાજપા દ્વારા પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે બુથ સ્તરે વૃક્ષારોપણ અને જળ સંચય જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના યશસ્વી પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલજીનું પ્રદેશ અધ્યક્ષ તરીકે સફળ એક વર્ષ આવતીકાલે ૨૦ જુલાઈ ૨૦૨૧ના રોજ પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે ગાંધીનગર મહાનગર ભાજપા યુવા મોરચા દ્વારા વૃક્ષારોપણ અને સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ અને પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો.પ્રશાંત કોરાટ વિશેષ ઉપસ્થિત રહી સાંજે ૪.૩૦ કલાકે, ‘શ્રી કમલમ’, સેક્ટર ૨૧ ખાતે વૃક્ષારોપણ કરી કોરોના રસીકરણ, જળ સંચય અને વૃક્ષારોપણ અંગે જનજાગૃતિની થીમ સાથે યોજાનાર સાયકલ રેલીનું પ્રસ્થાન કરાવશે.

‘શ્રી કમલમ’ સેક્ટર-૨૧ ખાતેથી પ્રસ્થાન બાદ સાયકલ રેલી માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સે.૨૧ મસ્જિદ, સે.૨૧ અપના બજાર થઈ પંચદેવ મંદિરે પહોંચશે જ્યાં વોર્ડ નં.૫ ના ભાજપાના ઉમેદવારશ્રીઓ દ્વારા લીંબુ પાણીની વ્યવસ્થા કરવામાં આવનાર છે. પંચદેવ મંદિરથી આગળ વધી સાયકલ રેલી સે.૨૨ પોલીસ ચોકી- સે.૨૩ કડી સર્વ વિદ્યાલય(નાથીબા કોલેજ), સ્વામિનારાયણ મંદિર, સે.૨૪ શાક માર્કેટ, આર્યસમાજની વાડી થઈ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય ખાતે સમાપ્ત થશે.

આ કાર્યક્રમમાં મહાનગર ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, પ્રદેશ યુવા મોરચાના હોદ્દેદારશ્રીઓ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ- અગ્રણીશ્રીઓ, મહાનગર યુવા મોરચાના પ્રમુખ યુવરાજસિંહ ચાવડા તેમજ યુવા મોરચાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

તેમજ સાંજે ૬.૩૦ કલાકે શ્રી સહજાનંદ ગુરુકુળ, કોટેશ્વર ખાતે આયોજિત વૃક્ષારોપણ અને જળ સંચય જનજાગૃતિ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા તમામ વોર્ડમાં પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે બુથ સ્તરે વૃક્ષારોપણ કરવામાં આવશે. જેમાં ભાજપા ઉમેદવારો, વોર્ડ ભાજપા સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ જોડાશે.

## જન્મદિને વધામણી



રઘુસિંહ ગોલ
મો. ૯૮૨૫૪ ૮૧૨૭૭



દિલીપસિંહ રાણા
મો. ૮૧૪૧૭ ૧૬૧૦૯



ઉલ્લાસબેન તેજસભાઈ દવે
મો. ૭૦૪૩૭ ૧૬૧૦૪



હરિભાઈ જે સોલંકી
મો. ૯૮૨૫૧ ૭૨૫૩૫



હિનાબેન અતુલકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૯૯ ૫૯૧૬૩



વાળા યોગીરાજસિંહ વી
મો. ૯૮૨૪૦ ૪૯૫૫૯



ઋષાંત વિશાલ રાજદીપ



તીર્થ અલ્પેશકુમાર શ્રીમાળી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮



કીશા કોશિક શ્રીમાળી



નીલ ઝાખાવાડિયા
મો. ૮૮૬૬૧ ૭૩૮૫૩



ગાંધીનગરના સેક્ટર-૨માં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહંત સ્વામી પુરુષોત્તમ પ્રકાશદાસજીની પ્રેરણાથી વિક્રમ સવંત ૧૮૪૯માં અનંત મુમુક્ષુ ભક્તોના કલ્યાણ માટે શ્રી નિલકંઠ વર્ણીએ કરેલ વન વિચરણ યાત્રાના દિવ્ય દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતુ જેનો હરિભક્તોએ દર્શન લાભ લીધો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. શાળાના ધોરણ ૧ થી ૪ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ડોર ડેકોરેશન ( પેપર ક્રાફ્ટ) પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. તેમજ ધોરણ ૫ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ મોબાઈલ હોલ્ડર(સ્ટેન્ડ) બનાવવાની પ્રવૃતિમાં ઉત્સાહ પૂર્વક જોડાયા હતાં.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વાળંદ રસિકભાઈ ઝવેરભાઈ, ઉ.વ. ૭૨, સે-૧૪, ગોકુળપુરા
- સ્વ. વાઘેલા કેસરબા કાળુજી, ઉ.વ. ૮૫, નવા પીપળજ
- સ્વ. પંડયા મંજુલાબેન લાલભાઈ, ઉ.વ. ૫૬, લેકાવાડા
- સ્વ. ઠાકોર ભારતીબેન હરજીજી, ઉ.વ. ૧૮, પ્રતાપપુરા